# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-05-2024** **Morning : 7.10 to 7.20**
**Day: Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

- **રાજકોટ TRP ગેમઝોન દુર્ઘટનામાં DNA ટેસ્ટ બાદ 13 મૃતદેહોની ઓળખ થઈ, આઠ મૃતદેહો સ્વજનોને સોંપાયા**
- **રાજ્ય સરકારના કડક પગલાં, શહેર પોલીસ કમિશ્નર અને મ્યુનિસિપલ કમિશ્નરની બદલી.**
- **રાજકોટ ગેમઝોન દુર્ઘટનાના 3 આરોપીને 14 દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપાયા.**
- **રાજ્યના 10 શહેરોમાં 41 ડિગ્રી સેલ્શિયસથી વધુ તાપમાન નોંધાયું.**
- **રાજ્યની સરકારી યુનિવર્સિટીઓમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ માટે નોંધણી કરાવવાનો આજે અંતિમ દિવસ.**

---

## Rajkot Fire FSL

રાજકોટમાં ટી.આર.પી. ગેમઝોનમાં લાગેલી આગમાં મૃત્યુ પામેલા લોકોના મૃતદેહ પોસ્ટમોર્ટમ અને ડીએનએ મેચિંગ બાદ તેમના સગાઓને સોંપવાની કામગીરી કરવામાં આવી રહી છે. ગાંધીનગર FSLમાંથી DNA મેચિંગનો રિપોર્ટ આવ્યા પછી સગાઓને મૃતદેહ સોંપવામાં આવી રહ્યા છે.

મૃતકોના પાર્થિવ દેહ તેમના પરિવારજનોને સત્વરે મળી રહે તે માટે ૧૮થી વધુ સભ્યોની એફ.એસ.એલ ટીમ દિવસ-રાત કામગીરી કરી રહી છે. મોટરમાર્ગે સમય ના બગડે તે માટે તાત્કાલીક એર એમ્બ્યુલન્સ દ્વારા સેમ્પલ પહોંચાડવામાં આવ્યા હતા.

સોમવાર સાંજ સુધીમાં કુલ 13 મૃતદેહને ડી.એન.એ. મેચિંગના આધારે ઓળખવામાં આવ્યા છે. ઓળખ કર્યા બાદ 8 મૃતદેહ સ્વજનોને સોંપવામાં આવ્યા છે. એફ.એસ.એલ.નો રિપોર્ટ આવે ત્યારે પોલીસ દ્વારા દર્દીઓના સગાઓનો સામેથી સંપર્ક કરીને બોલાવી તેમને વિધિવત રીતે મૃતદેહ સોંપવામાં આવી રહ્યા છે. મૃતદેહની સોંપણી કરવાથી લઈને અંતિમવિધિ સુધીની પ્રક્રિયામાં મદદ માટે એક નાયબ મામલતદાર અને એક PSI સહિતની પોલીસ ટીમ સાથે રહે તે પ્રકારની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

દરમિયાન, રાજકોટ ટીઆરપી ગેમ ઝોનના અગ્નિકાંડના ચોથા આરોપી ધવલ ભરતભાઈ ઠક્કરની આબુરોડ પાસેથી ધરપકડ કરવામાં આવી છે. બનાસકાંઠા એલસીબી પોલિસે મળેલી બાતમી પરથી આરોપીને ઝડપી પાડ્યો હતો. અમદાવાદમાં પણ ફાયર એનઓસી અને બીયુ મંજૂરી વિના અનેક ગેમઝોન ચાલુ હોવાનું ધ્યાનમાં આવતા એસ્ટેટ અને ફાયર વિભાગ દ્વારા પગલાં લેવાનું શરૂ કરવામાં આવ્યું છે.

અમારા ગીર સોમનાથના પ્રતિનિધી જણાવે છે કે, જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ વેરાવળની આરાધના સિનેમાનું લાઇસન્સ સસ્પેન્ડ કરીને સિનેમાઘરને સીલ કર્યું છે. ફાયર સેફ્ટીના નિયમોનું પાલન ન થતું હોવાનું ધ્યાનમાં આવતા આ પગલું લેવામાં આવ્યું છે.

---

## Rajkot TRANSFER

રાજકોટની ગેમઝોન દુર્ઘટનાના પગલે રાજ્ય સરકારે કડક પગલા લઇ રહી છે.

ગઈકાલે મોડી સાંજે રાજ્ય સરકારે રાજકોટના પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ અને મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલની બદલી કરી છે. રાજકોટના નવા પોલીસ કમિશનર તરીકે બ્રિજેશ ઝાની નિયુક્તિ કરી દેવાઇ છે. જ્યારે એડીશનલ પોલીસ અધિકારી વિધિ ચૌધરીની પણ બદલી કરી દીધી છે. રાજકોટના ઝોન-2ના ડેપ્યુટી પોલીસ કમિશ્નર સુધીર કુમાર દેસાઇની પણ બદલી કરી દેવાઇ છે.

--------------------------------------------------------------------

## Rajkot fire Remand

રાજકોટ ટીઆરપી ગેમ ઝોન દુર્ઘટનાનાં ત્રણ આરોપી યુવરાજ સિંહ સોલંકી, નિતીન લોઢા અને રાહુલ રાઠોડને ગઇકાલે સજ્જડ પોલિસ બંદોબસ્ત વચ્ચે રાજકોટની સ્થાનિક અદાલતમાં રજૂ કરવામાં આવ્યા હતા. બંને પક્ષોની દલિલો બાદ અદાલતે ત્રણેય આરોપીઓને 14 દિવસનાં પોલિસ રિમાન્ડ પર સોંપવાનો આદેશ કર્યો હતો.

--------------------------------------------------------------------

## Ahmedabad school fire safety

રાજકોટ ગેમઝોન અગ્નિકાંડને પગલે અમદાવાદની શાળાઓમાં પણ ફાયર સેફ્ટી માટે પગલાં લેવામાં આવ્યા છે.

શહેર અને ગ્રામ્ય જિલ્લા શિક્ષણ અધિકારીએ શાળાઓના સંચાલકો અને આચાર્યોને પરિપત્ર જારી કરીને ફાયર સેફ્ટીનાં સાધનોની ચકાસણી કરવા અને મોકડ્રીલ યોજવા આદેશ આપવામાં આવ્યા છે. શહેરનાં જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા શાળાઓનું ચેકીંગ શરૂ કરવા નિર્દેશ અપાયો છે.

---

## PORBANDAR SAMIKSHA BETHAK

પોરબંદરના કલેક્ટર કે.ડી. લાખાણીના અધ્યક્ષસ્થાને જિલ્લામાં આવેલા ગેમઝોનના સંચાલન સંબંધે તપાસ માટે સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. જિલ્લા કલેક્ટરે ગેમઝોન અને લોકોની ભીડ રહેતી હોય તેવા સ્થળોની ચકાસણી કરવા માટે વિવિધ ટીમો બનાવીને કામગીરી કરવા સૂચના આપી હતી. તમામ પ્રાંત અધિકારીઓને ગેમ ઝોનની ચકાસણી માટે નોડલ અધિકારી તરીકે જવાબદારી આપવામાં આવી છે. ગેમઝોનમાં ફાયર એન.ઓ.સી, બાંધકામ પરવાનગી અને ઈન્ટર વાયરીંગ સહિત બાંધકામ મંજૂરીની તપાસ કરાશે. આ બેઠકમાં ફાયર એન.ઓ.સી સહિત વિવિધ પરમિશનની બારીકાઈથી તપાસ કરવાની સૂચના અપાઇ હતી.

ગેમ ઝોનમાં આકસ્મિક સંજોગોમાં રાહત બચાવ માટે ઉપલબ્ધ વ્યવસ્થાઓ તપાસવા તાકીદ કરી હતી..

---

## Heat Wave

સતત ત્રણ દિવસ તાપમાનમાં ઘટાડો થયા પછી સોમવારે અમદાવાદનું તાપમાન 45 ડિગ્રી સેલ્સિયસને પાર થયું હતું.

રાજ્યનાં 10 શહેરોમાં તાપમાન 41 ડિગ્રીથી વધુ રહ્યું હતું. અમદાવાદમાં 45.2 ડિગ્રી, ડીસામાં 44.3, ગાંધીનગરમાં 44.5, વલ્લભવિદ્યાનગર અને સુરેન્દ્રનગરમાં 43 ડિગ્રી તાપમાન નોંધાયું હતું, સૌથી વધુ 45.3 ડિગ્રી તાપમાન કંડલા એરપોર્ટ ખાતે નોંધાયું હતું.

દરમિયાન, હવામાન વિભાગે જણાવ્યું છે કે, રાજ્યમાં થોડા દિવસોમાં પ્રિ મોન્સુન એક્ટિવિટી સક્રિય થશે, જેનાં કારણે ભેજ વધશે.

---

## Heat Strok

છેલ્લાં એક સપ્તાહમાં ગુજરાતમાં ભારે ગરમીને કારણે 122 લોકો હીટ સ્ટ્રોકનો ભોગ બન્યા છે એમ 108 ઇમરજન્સી એમ્બ્યુલન્સ સેવાએ જણાવ્યું હતું. 22મી મેથી હીટ સ્ટ્રોકનાં કેસમાં અચાનક વધારો થયો છે.

આ ઉપરાંત, ગરમીને લગતી વિવિધ બિમારીનાં કેસોમાં પણ તીવ્ર વધારો નોંધાયો છે. એક સપ્તાહમાં રાજ્યમાં 1370 લોકો ગરમીને કારણે બિમાર પડ્યા છે, જેમને 108 ઇમરજન્સી સેવા દ્વારા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

---

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

........................................

## Non AC Ward of Civil Hospital

રાજ્યમાં ગરમીની વર્તમાન સ્થિતિને ધ્યાને લઇ અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા દર્દીઓ માટે મહત્વનો નિર્ણય કરાયો છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલના નોન એસી વોર્ડમાં 70 કુલર મૂકાયા છે. અમારા અમદાવાદના પ્રતિનિધિ કરણ પરમારના જણાવે છે કે, OPD વિભાગની અંદર 4 તેમજ જુની સિવિલ હોસ્પિટલમાં રહેલા તમામ વોર્ડમાં 2-2 કુલર મૂકાય છે, તો TB વોર્ડમાં પણ કુલ 4 કુલર મૂક્યા છે.

સિવિલ હોસ્પિટલમાં આવનાર દર્દીને લુ ન લાગે તેનું પુરતુ ધ્યાન હોસ્પિટલ દ્વારા રાખવામાં આવતુ હોવાનું સિવિલ હોસ્પિટલના સુપ્રીન્ટેન્ડન્ટ ડૉ.રાકેશ જોષીએ જણાવ્યું હતુ.

---------------------------------------------------------------

## University Registration

રાજ્યની 15 સરકારી યુનિવર્સિટીઓમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ માટે નોંધણી કરાવવાનો આજે અંતિમ દિવસ છે.

સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોની અંદાજે આઠ લાખ બેઠકોની સામે સોમવાર સાંજ સુધીમાં પાંચ લાખ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી છે. ગુજરાત યુનિવર્સિટી સહિતની રાજ્યની તમામ યુનિવર્સિટીઓ

અત્યાર સુધી પોતાની રીતે કોલેજમાં પ્રવેશ કાર્યવાહી કરતી હતી. પ્રથમ વખત 15 સરકારી યુનિવર્સિટીઓની કોલેજોમાં પ્રવેશ માટે કોમન રજિસ્ટ્રેશન શરૂ કરવામાં આવ્યું હતું.

---

## Kheda Pre-Monsoon

ખેડા જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં પ્રિ-મોન્સૂન કામગીરી અંગે સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં ચોમાસાની ઋતુ પહેલા આપત્તિ વિભાગો દ્વારા કરવામાં આવેલી કામગીરી બાબતે જિલ્લા કલેક્ટર દ્વારા સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

અમારા ખેડાના પ્રતિનિધિ જનક જાગીરદાર જણાવે છે કે, આ બેઠકમાં નિયત સમયગાળામાં કાંસની સફાઈ, મોક ડ્રીલ, સંદેશાવ્યવહારની યોજના, જર્જરીત મકાનો, ભયજનક સ્થળોને ઓળખી કાઢવા, વીજળીનાં થાંભલા અને લાઇનોની સુધારણા કરવી, પાણી, ગટરની લીક લાઈનોને દુર કરવા સહિતની કામગીરી પુર્ણ કરવા સૂચના અપાઈ હતી. આ બેઠકમાં ખેડા જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ, અધિક નિવાસી કલેકટર સહિત જિલ્લા તથા તાલુકાના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

## Karate

26મી ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે સ્પર્ધાનું આયોજન અમદાવાદની એકા કલબમાં કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ભારતના 10 રાજ્યોના 375 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ સ્પર્ધામાં ગુજરાતે પ્રથમ, આસામે દ્વિતીય, મહારાષ્ટ્ર અને કર્ણાટકે તૃતિય ક્રમ મેળવ્યો હતો. અમદાવાદના ધારાસભ્ય દ્વારા વિજેતા ખેલાડીઓને ચંદ્રક એનાયત કરવામાં આવ્યા હતા.

---

## Khel Mahakumbh Chess

ખેલ મહાકુંભની રાજ્ય કક્ષાની ચેસની સ્પર્ધા અમદાવાદ ખાતે યોજાઈ હતી. જેમાં અમદાવાદની વૃષ્ટિ બિનોય શાહે સુવર્ણચંદ્રક જીત્યો છે. ઉલ્લેખનીય છે કે, વૃષ્ટિ શાહે આ સ્પર્ધામાં ઓપન એજ કેટેગરીમાં ભાગ લીધો હતો.

---

## Railway Time

ભુજ-દાદર સયાજી નગરી એક્સપ્રેસના આણંદ સ્ટેશન પર આગમન અને પ્રસ્થાનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. પહેલી જૂન 2024થી 6 વાગીને 49 મિનિટે આગમન અને 6 વાગીને 51 મિનિટે પ્રસ્થાનના બદલે 6:28એ આગમન અને 6:30 પ્રસ્થાનનો સમય રહેશે. ટ્રેનના ઓપરેટિંગ સમય, સ્ટોપ અને સ્ટ્રક્ચર વિશે વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

---

## Mahesana- Milk Producers Camp

મહેસાણાની દૂધસાગર ડેરી અને ફેડરેશન આણંદ દ્વારા ઊંઝા તાલુકાના ડાભી ગામ ખાતે દિવા કાર્યક્રમ અંતર્ગત ત્રિ-દિવસીય મહિલા

દૂધ ઉત્પાદકોની શિબિર યોજાઈ હતી. અમારા મહેસાણા જિલ્લાના પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે આ કાર્યક્રમમાં પશુપાલકોને દૂધ સંઘ દ્વારા અપાતી સેવાઓનો વ્યાપ વધારવા માટે શિબિર યોજાઈ હતી. તેમજ આધુનિક માળખાકીય સુવિધાઓમાં વધારો કરવો, ગુણવતાયુક્ત સુધારા કરવા જેવી બાબતો અંગે મહિલાઓને માહિતી અપાઈ હતી. જેમાં મોટીસંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

---

## Flora of Kutch

કચ્છમાં  સંશોધક ટીમે સરહદી લખપતના નિર્જન વિસ્તારમાંથી દુર્લભ વનસ્પતિ શોધી છે. આ વનસ્પતિને લખપતેન્સીસની આગવી ઓળખ  મળી છે.

આ સંશોધક ટીમમાં ડૉ. રોહિતકુમાર પટેલ અને ડૉ. સુજિતકુમાર પ્રજાપતિ ઉપરાંત વનસ્પતિ ફૂળ પર વિશ્વમાં મોટું નામ ધરાવતા ઓલાવીડ યુનિવર્સિટી સ્પેનના સેન્ટિઆગો માર્ટિન બ્રાવોનો સમાવેશ થાય છે. ડૉ. રોહિત પટેલે જણાવ્યું હતું કે, સરહદી  લખપતના પ્રદૂષિત અને પાણીની અછત ધરાવતા વિસ્તારમાંથી તેમની ટીમને આ વનસ્પતિની શોધ કરવામાં સફળતા મળી હતી. આ ક્ષુપીય વનસ્પતિ છે. તેને સ્વીત્ઝર્લેન્ડની ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર  દ્વારા `ભયગ્રસ્ત' વનસ્પતિની શ્રેણીમાં મૂકવામાં આવી છે, જે પર્યાવરણીય પુન:સ્થાપનામાં મહત્ત્વની સાબિત થઈ શકે છે.

---